Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૭-૧૮ • તા. ૨૩ એપ્રીલ ૨૦૧૮ થી ૦૬ મે ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજીત નવકાર મહામંત્ર જાપ



















**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**અંક નં. 17-18/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com


**તંત્રી સમીપે**

## સમસ્ત મહાજનના નવનિયુક્ત પદાધિકારીઓને જ્ઞાતિજનો સકારાત્મક પ્રતિઘોષ આપે...

છેલ્લા એકાદ મહીનાથી સમગ્ર જ્ઞાતિજનોની જે સભા પર મીટ મંડાઈ રહી હતી તે આ ૨૨ એપ્રિલના સમસ્ત મહાજનના પદાધિકારીઓની નિમણુંક કરવા અંગે યોજાયેલ ટ્રસ્ટ બોર્ડની સભામાં ખાસ કરીને સેક્રેટરી જનરલ તથા ત્રણ મેનેજીંગ ટ્રસ્ટીઓના પદો પરની વિધિવત વરણીઓ થઈ. તેને કારણે, હવે આગામી ડિસેમ્બરમાં યોજાનાર જ્ઞાતિ સંમેલનની મુખ્ય ધુરા અને તેના સમર્થનકારી સંયુક્ત પદાધિકારીઓની જવાબદારીઓ અદા કરવાની નિશ્ચિતતા સાકાર થઈ તે સમગ્ર જ્ઞાતિ માટે ઊંડા સંતોષ-સમાધાનનો વિષય લેખાવો જોઈએ તેમાં હવે બે મત ન હોઈ શકે.

અલબત્ત, આ નિમણુકો કરવાની પ્રક્રિયામાં ખાસ કરીને સેક્રેટરી જનરલના હોદ્દા માટે તેમજ મુંબઈમાંથી એક ટ્રસ્ટીના સ્થાન માટેની ઉમેદવારી કરવાની બાબતે સમસ્તના મુંબઈ ક્ષેત્રના અમુક ટ્રસ્ટીઓ જેઓ મુંબઈ મહાજનમાં અને અનંતનાથજી ટ્રસ્ટમાં પદાધિકાર ધરાવે છે તેમણે, આ નિમણુંકોના સુચિતાર્થો આગામી સંમેલનને પણ સ્પર્શતા હોવાથી તે માટે બિનજરૂરી સ્પર્ધા ટાળવાની દૃષ્ટિએ તેમના હોદ્દાઓને સુસંગત ઉપયુક્ત ગરિમા દર્શાવી હોત તો આ નિમણુકો માટે આવશ્યક શાલીનતા અને સૌજન્યતાથી આ સંતોષ-સમાધાનને વધારે ઉન્મેશજનક સ્વરૂપ મળ્યું હોત તેની પણ નોંધ લેવાવી જોઈએ.

આમ છતાં, સમસ્ત મહાજનના નવનિયુક્ત સેક્રેટરી જનરલ અને અન્ય પદાધિકારીઓએ અને તેમની ઉમેદવારીને સાચા અર્થમાં બહુમત વિજય અપાવવામાં અન્ય ટ્રસ્ટીઓએ જ્ઞાતિના વિશાળ હિતમાં આ બિનજરૂરી સ્પર્ધાને વિસારે પાડીને, આગામી સંમેલનની પૂર્વ તૈયારીઓ માટે શેષ રહેલ સાતેક મહીના દરમ્યાન આખી જ્ઞાતિમાં પરસ્પર સમન્વયતા અને સમાવિષ્ટતાની ભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી રહે તે અંગે કોઈ પૂર્વગ્રહ રાખ્યા વિના, સભાનતાપૂર્વક મોટું મન રાખીને આગળ વધવાનો નિર્ધાર કર્યો છે તેની પણ સરાહનીય નોંધ લેવી જરૂરી બને છે.

આ રીતે, આગામી સંમેલન માટેનો સર્વગ્રાહી શુભાશીય તખ્તો ગોઠવવામાં આ સૂત્રધારો અને અન્ય ટ્રસ્ટીઓ કૃતનિશ્ચય બન્યા છે તેમને જ્ઞાતિના સૌ આબાલ વડિલો સર્વ વ્યાપી સંવાદિતાજનક પ્રતિઘોષથી પ્રોત્સાહીત કરે તેવી શ્રદ્ધા સેવીએ.

**- રા.**

### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

### સંયુક્ત અંક નં. ૧૭-૧૮

ટેક્નીકલ ક્ષતિને કારણે અંક નં. ૧૭નું પ્રકાશન શક્ય ન થઇ શક્યું એટલે અંક નં ૧૭ તથા ૧૮નું સંયુક્ત પ્રકાશન કર્યું છે, જેની નોંધ લેવા સર્વે જ્ઞાતિજનોને વિનંતી.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## હૃદયના દ્વારેથી ભાવપુષ્પ વડે
# શ્રદ્ધાંજલિ

**પ્રથમ પુણ્યતિથિએ આપના ચરણોમાં**
**નત મસ્તકે કોટિ કોટિ વંદન...**



આગમન:
તા. ૨૯-૯-૧૯૪૫

પ્રસ્થાન :
તા. ૨૫-૪-૨૦૧૭

## સ્વ. ઉત્તમચંદ રાઘવજી મૈશેરી
(મોટી સિંધોડી)

જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા,
ધર્મ, કર્મ, સેવા – સૌજન્ય, થકી સૌના દિલમાં વસી ગયા,
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભક્તિ હતી.

**આપ જીવંત હતા દેહરૂપે, જીવંત છો ભાવરૂપે,**
**જીવંત રહેશો આત્મ રૂપે.....**

**શ્રદ્ધાંજલિ સુમન અર્પણ કરનાર**

**ધર્મપત્ની : રેખાબેન**

**માતુશ્રી રતનબાઈ રાઘવજી મૈશેરી પરિવાર**
**માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી પરિવાર**
**માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી પરિવાર**
**માતુશ્રી નવલબેન ચત્રભોજ ખોના પરિવાર**
**અ.સૌ. વિજલ અભય ડાઘા**
**અ.સૌ. કેતકી ભાવેશ મૈશેરી**
**નિપુણ, નિધિ, ઊષ્મા, કેવીન**
**અ.સૌ. મધુબેન પદમશી ચત્રભોજ ડાઘા – વરાડીયા**
**અ.સૌ. ઉર્વશીબેન હંસકુમાર શામજી દંડ - સુથરી**

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજીત નવકાર મહામંત્ર જાપ



તા. ૧૫ એપ્રિલ ૨૦૧૮ના સવારે ૭ કલાકે, શેઠ શ્રી નરશી નાથા બેન્ક્વેટ હૉલ, ભાડુંપમાં શ્રી હર્ષભાઈ દેઢિયા દ્વારા કરાવવામાં આવેલ. શ્રી હર્ષ ભાઈ દ્વારા જીનેવા પરીષદમાં કરાયેલા જૈન ધર્મ વિષેના ઉલ્લેખમાં નવકાર મંત્ર ને વિશ્વમંત્ર તરીકે સ્વીકાર કરવામાં આવ્યું, જેની ઉપસ્થિત લોકોને જાણ નહોતી ! આ વાત સાંભળી ને આપણા નવકાર ઉપર ઉપસ્થિત લોકોને અભિયાન થયું અને ભવિષ્યમાં નવી કમીટી દ્વારા આવા ''શુભારંભ'' કાર્યક્રમથી સૌના મનડા મોહ્યા એ બદ્દલ ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોએ ટીમને વધાવતા હાર્દિક શુભેચ્છાઓ રૂપે, આશિર્વાદનો ધોધ વરસાવ્યો. પ્રમુખ શ્રી હેમિલ જયેશ દંડ, શ્રી લહેરચંદભાઈ મૈશેરી અને શ્રીમતી વિજયાબાઈ કુંવરજીભાઈ લોડાયા એ દીપ પ્રાગટ્ય કર્યું. પ.પૂ.સા.ભ. શ્રી ધર્મપ્રિયાજી મ.સા.ને અને આદી ઠાણા ૨ એ પણ તેઓની નિશ્રા આપી. સ્પેશલ ગેસ્ટ તરીકે શેઠ શ્રી હંસકુમારભાઈ અને શ્રીમતી હેમાબેન એ ખાસ હાજરી આપેલ. ભુતપૂર્વ પ્રમુખ શ્રી તેજસ મહેંદ્ર ખોના દ્વારા નવા પ્રમુખ શ્રી હેમીલ દંડના પરીચય બાદ, નવા કમીટી મેમ્બરોની ઓળખાણ કરાવેલ. શ્રી હર્ષભાઈનું અભિવાદન કરી પ્રમુખ શ્રી હેમીલભાઈ એ વિરામ લીધો. શ્રી ક.દ.ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ, જામનગર ના ટ્રસ્ટી શ્રી વિજયભાઈ લોડાયા અને શ્રી મયુરભાઈ લોડાયાએ નવી ટીમનું પુષ્પગુચ્છ થી બહુમાન કરેલ. રાજાવાળી બ્લડ બેંકના ઇનચાર્જ ડૉ. દેવરાય પાટીલ એ બ્લડ ડોનેશનનુ મહત્વ સમજાવ્યુ.

કાર્યક્રમને સફળ કરવામાં પ્રમુખ શ્રી હેમીલ દંડ, ઉપ-પ્રમુખ શ્રી ઉર્મીન લોડાયા, માનદમંત્રી કુ. એકતા લોડાયા, સહ માનદમંત્રી શુભમ લાપસીયા, કુ. લબ્ધી લોડાયા, કોષાધ્યાક્ષ રૂષભ પોલડીયા, સહ કોષાધ્યાક્ષ પ્રિન્સ ધરમશી, કુ. સૃષ્ટી લોડાયા, કમીટી મેમ્બર મીત મૈશેરી, અશ્વિન લોડાયા અને કોન્ટક્ટ મેમ્બર્સ ધનિષ્ઠા, નીતિ, હર્ષિત, સિદ્ધિ, નિશિતા, ભવ્ય, ઇશીતા, વિદ્ધિ, ડિમ્પલ લોડાયા, ડિમ્પલ જીવાણી એ ભારી જહેમત ઉઠાવી. કુલ ૨૦૭ જ્ઞાતીજનોએ લાભ લીધેલ. જાપ બાદ સૌએ નવકારશીનો લાભ લીધેલ.

---

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ||      || શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન – તેરા

તેરા - કચ્છ, તા. અબડાસા, પીન - ૩૭૦ ૬૬૦. ફોન : (02831) 2892223 / 289224

**સ્નેહીશ્રી,**
**શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા તથા ધ્રુફી ગામના જ્ઞાતિજનો**
**તથા ચારેય ગામની નિયાણી બહેનો જોગ,**

### ચાતુર્માસ સહ પર્વાધિરાજ પર્યુષણ પર્વની મંગલ આરાધના

સહર્ષ જણાવતાં અતિ આનંદ અનુભવીએ છીએ કે **શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા પાર્શ્વપ્રભુજી**ની અસીમ કૃપાથી આપણા શ્રી સંઘના પુણ્યોદયે આપણી વિનંતીને માન આપીને અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આદેશથી ચાલુ સાલે સંવત : ૨૦૭૪નાં તેરા તીર્થ મધ્યે ચાતુર્માસની આરાધના કરાવવા માટે તેમના આજ્ઞાવર્તિની **પ.પૂ. સાધ્વી શ્રી કલ્યાણોદયશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. સાધ્વી શ્રી પુનીતગુણાશ્રીજી મ.સા.** આદી ઠાણા-બે નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે.

તદ્નુસાર **પ.પૂ. સાધ્વીશ્રી પુનિતગુણાશ્રીજી મ.સા.**નો તેરા મધ્યે ચાતુર્માસ મંગલ પ્રવેશ અષાઢ સુદ ૮ **ગુરૂવાર તા. ૧૯-૦૭-૨૦૧૮**ના સવારના થશે. તો ચાતુર્માસ મંગલ પ્રવેશ પ્રસંગે આપ સૌને પધારવા સહર્ષ નિમંત્રણ છે.

### પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવતઃ૨૦૭૪ના શ્રાવણ વદ-૧૩ (તેરસ)

**ગુરૂવાર તા. ૦૬-૦૯-૨૦૧૮**ના પ્રારંભ થશે. ચાતુર્માસ તથા મહામંગલકારી પર્યુષણની આરાધના કરવા માટે તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધ્રુફી ગામના સર્વે ભાઈ-બહેનોને તથા ચારેય ગામની નિયાણી બહેનોને સહકુટુંબ તેરા પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - તેરા તથા**
**શ્રી તે.કુ.લા.ધુ. જૈન યુવક સંઘના બહુમાન પૂર્વક પ્રમાણ સ્વીકારશો.**

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમુહ પહેડી

મોતા પરિવારના કુળદેવીમાં અંબાઈમાની સમુહ પહેડી આ વર્ષે ગુડી પડવાના શુભ દિવસે **રવિવાર તા. ૧૮-૩-૨૦૧૮ના સવારના ૯.૩૦ કલાકે, હોરાઇઝન બેઝમેન્ટ હૉલ, માનપાડા, ડોંબિવલી (ઈસ્ટ)** ખાતે યોજવામાં આવી હતી.



સવારના ૯.૦૦ કલાકે આ વર્ષની પહેડીના લાભાર્થી પરિવાર **મા. રમિલાબેન ચિમનલાલ વેલજી મોતા પરિવારે** (હ. પ્રફુલભાઈ, તેરા-ડોંબિવલી) માતાજીની વિધીસર સ્થાપના કરી, પુજા વિધિ કરી હતી. સુંદર ફુલોથી માતાજીનો મંડપ સજાવવામાં આવ્યો હતો. માતાજીની સ્થાપના સાથે **સોનાલીબેન ગડાની પાર્ટી**એ માતાજીની સંગીતમય અર્ચના-આરાધનાની શરૂઆત કરી હતી અને સૌ ભાવિકોને માતાજીની અર્ચનામાં લય કરી દિધા હતા.

શરૂઆતથી જ સોનાલીબેન ગડાની પાર્ટીએ ગરબા દ્વારા પરિવારજનોને માતાજીની આરાધનામાં લીન કર્યા હતા. ભાવિકજનોએ પોતાની ક્ષમતા અનુસાર આ આરાધનાનો લાંબા સમય સુધી લાભ લીધો હતો.

આરાધના ચાલુ હતી તે દરમ્યાન મોતા પરિવારની વહુઓ ખેતરપાળના જુહારની વિધી કરીને હોલમાં પધાર્યા હતા અને લાભાર્થી પરિવારે વિવિધ નૈવેધ્યના થાળ સંગીતમય અર્ચના/નાચ ગાનને સથવારે માતાજી સમક્ષ ધર્યા હતા.

માતાજીની સમુહ પહેડીના જુહાર વિધીવત લાભાર્થી પરિવારની વહુઓ અને મોતા પરિવારની વહુઓએ કરીને માતાજીને આરાધ્યા હતા તે સાથે હોલમા આનંદની પરાકાષ્ઠા છવાઇ ગઇ હતી. બરાબર ૧૧.૫૦ કલાકે ભુવાજીના સથવારે લાભાર્થી પરિવારના સ્વજનો, પરિવારના વરિષ્ઠ સભ્યોએ પરંપરાગત રીત રિવાજ મુજબ માતાજીની આરતી ઉતારી હતી. આરતી સંપન્ન થતા સૌને માતાજીની સુક્ષ્મ હાજરીની અનુભુતિનો અહેસાસ થયો હતો અને સૌ મંત્રમુગ્ધ અને માતામય બન્યા હતા. માતાજીની આરતી બાદ પરિવારની નાની નિયાણીઓને પ્રસાદ માટે આમંત્રવામા આવી હતી અને ભેટ સાથે નવાજાઇ હતી તે સાથે અને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના એસએસસી અને એચએસસી કે તે ઉપરાંત ડિપ્લોમાં /ડિગ્રી એવમ વ્યવસાયીક પરિક્ષા પસાર કરેલ વિદ્યાર્થીઓનું મોમેન્ટો/ સર્ટીફિકેટ દ્વારા સરસ્વતી સન્માન કરાયુ હતું. વિશિષ્ટ પરિણામ મેળવેલ ચાર વિદ્યાર્થીઓને રોકડ ઇનામ પણ અપાયા હતા.

મોતા પરિવાર તરફથી આ વર્ષની પહેડીના લાભાર્થી પરિવાર **માતુશ્રી રમિલાબેન ચિમનલાલ વેલજી મોતા પરિવારના માતુશ્રી રમિલાબેન તથા પ્રફુલભાઈનું** સન્માન કરાયું હતું તેમજ પ્રફુલભાઈનું તેમના પરિવાર અને તેકુલાધુ મંડળ તરફથી પણ સન્માન કરાયું હતું.

મોતા પરિવારજનોને ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કાર્યોની જાણકારી આપવામાં આવી હતી. ટ્રસ્ટ મોતા પરિવારના બાળકોને ધોરણ ૧૦ સુધી શૈક્ષણીક સહાય આપે છે તેની વિગતો અપાઇ હતી. સૌને ટ્રસ્ટના આ અભિયાનમાં યોગ્ય અનુદાન માટે વિનંતી કરાઇ હતી. માતાજીને મંદિરે આરતી-ધુપ-દિપની માસિક તિથી માટે ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નામ નોંધાવેલ પરિવારના નામોની જાહેરાત કરવામાં આવી હતી અને તે માટે તેમનો આભાર મનાયો હતો. માતાજીના મંદિરને દશકો પુરો થતા આગામી પહેડી માતાજીની રજા મળેતો તેરા ખાતે યોજવાની વિચારણાની જાણકારી આપવામાં આવી હતી. નવરાત્રિમાં પરિવારજનોને કુળદેવીના દર્શને પધારવા વિનંતી કરાઇ હતી. બધાય પરિવારજનોએ શિસ્તબધ્ધ લાઇનમાં ઉભા રહી માતાજી ને વંદના કરીને આશીર્વાદ મેળવ્યા હતા. પહેડીમાં વ્યવસ્થાની જવાબદારી પરિવારના યુવાનોએ સંભાળી હતી. તે સાથે સંગીત પાર્ટીના સથવારે યુવાઓએ માતાજીના રાસ ગરબા માણ્યા હતા. વિશાળ હોલમાં પ્રસાદ લઇને માતાજીને યાદ કરતા સૌ વિખેરાયા હતા.

**સૌજન્ય : માતુશ્રી રસીલાબેન ચીમનલાલ વેલજી મોતા પરિવાર હ. પ્રફુલભાઈ** (તેરા-ડોંબિવલી)

# જીવો જગતને કાજ
# શ્રીમતી કિર્તિદાબેન ભરત મેકાણી

શ્રીમતી કિર્તિદા મેકાણી (સ્વ. નવિનચંદ્ર મુલજી સોનાવાલા - બેંગ્લોર વાલાના સુપુત્રી)નો છેલ્લા ત્રણેક વર્ષ પહેલાં પરિચય થયો. તેમણે આપણી જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થા શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ (ઉત્કર્ષ ટ્રસ્ટ)ને વિદ્યાર્થીઓની સહાયતા માટે રૂા. ૫૦ લાખનું માતબર દાન આપ્યું. કિર્તિદાબેનને આ માટેની પ્રેરણા શ્રી અરિહંત કો.ઑ. બેંક લી. ના ભૂતપૂર્વ ચેરમેન સ્વ. પ્રેમચંદ સોનાવાલા (કિર્તિદાબેનના કાકા) તથા શ્રી મોતીચંદભાઈ ખોના, મુલુંડવાલા પાસેથી પ્રાપ્ત થઈ અને વિદ્યાર્થીઓની સહાયતા માટે તેમણે ઉદારતા દાખવી. આ દરમ્યાન ઉત્કર્ષ ટ્રસ્ટના પ્રમુખના નાતે મારી તેમની સાથે મુલાકાત થઈ એનું સ્મરણ થાય છે.






આ પછી સિંગાપોરથી મુંબઈની તેમની મુલાકાતો પ્રસંગે અવારનવાર મળવાનું થતું રહ્યું. સિંગાપોરની ઓફિસમાં તેમને તથા તેમના પતિ શ્રી ભરતભાઈ મેકાનીને પણ મળવાની મને તક પ્રાપ્ત થઈ છે. એમની સાથેની દરેક મુલાકાત વખતે તેમના વ્યક્તિત્વથી પરિચિત થવાનું બન્યું અને મનમાં વિચાર આવ્યો કે પ્રકાશ સમીક્ષાના માધ્યમથી એમની ઓળખ તથા પ્રવૃત્તિઓથી આપણી જ્ઞાતિ માહિતગાર થાય તથા તેમનું જીવનકાર્ય આપણા યુવાનો માટે પ્રેરણાત્મક તથા પ્રોત્સાહક બને.

કિર્તિદાબેનનો જન્મ ભારતમાં થયો અને ભરતભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાઇને ઇ.સ. ૧૯૯૦માં તેઓ સિંગાપોર ગયા. કિર્તિદાબેન માને છે કે કોઈપણ વ્યક્તિ ખાસ કરીને યુવાઓના વિકાસ તથા સફળતામાં શિક્ષણની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. તેઓ અધ્યાત્મિક શિક્ષણના પણ પુરસ્કર્તા તથા જ્ઞાતા છે. કર્મ દ્વારા શિક્ષા પ્રાપ્તિમાં શ્રધ્ધા ધરાવતા કિર્તિદાબેન અંતિમ શ્વાસ સુધી શીખતા રહેવામાં માને છે. ઘણી બધી સંસ્થાઓમાં પદાધિકારી તરીકે સેવા આપનારા તેઓ યુવાનો તથા વિદ્યાર્થીઓના હિત માટે સર્જનાત્મક ક્ષેત્રને પ્રોત્સાહન આપે છે.

એક પર્યાવરણપ્રેમી, શિક્ષણના સમર્થક, સફળ વ્યવસાયિક તથા સમર્પિત કલાકાર એવા કિર્તિદાબેનને વર્ષ ૨૦૧૪માં 'સિંગાપોર વુમન એવોર્ડ' માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. તથા ૨૦૧૫માં સિંગાપોરમાં પર્યાવરણની સુધારણા માટેના તેમના પ્રયત્નોની કદર રૂપે પ્રેસીડેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કિર્તિદાબેન તેમના સમયમાંથી ૪૦% તેમના શોખને ૪૦% વ્યવસાયને તથા ૨૦% સમય વ્યક્તિગત વિકાસ માટે ફાળવે છે.

પોતાની વિવિધ ક્ષેત્રે મેળવેલી સફળતાનું શ્રેય તેઓ પોતાના વડીલો, માતા-પિતા, ભાઈ સ્વ. કૌશિક નવિનચંદ્ર સોનાવાલા અને પતિ શ્રી ભરતભાઈ મેકાનીને આપે છે. તેઓ કહે છે કે, આજના યુવાનો ખૂબજ સ્માર્ટ છે તથા તેમને ટેક્નોલોજીનું ખૂબજ મોટું બળ પ્રાપ્ત થયું છે. યુવાનો યોગ્ય સમયે કાર્યના અમલમાં માને છે એટલે તેમને અનુલક્ષીને આપણી જ્ઞાતિએ પ્રોત્સાહક બની રહે તેવા આયોજનો હાથ ધરવા જોઇએ અને તેમને સર્જનાત્મક કાર્યો, અનુશાસન અને વહીવટી ક્ષેત્રે તાલીમ આપવી જોઇએ.

કિર્તિદાબેને આપણી જ્ઞાતિના યુવાનો માટે સંદેશ આપતા કહ્યું કે...

**રાહ ન જુઓ, કાર્ય કરો, સંલગ્ન થાઓ,**
**શોખને વિકસાવો, દરરોજ કાંઈક નવું કરો,**
**પોતાનું મુલ્યાંકન કરો, સ્વ નિરીક્ષણ કરો,**
**પોતાના કૌશલ્યને વધારવા પ્રયત્નો કરો,**
**એક જીવનમાં કરવા માટે ઘણું બધું છે.**
**પ્રણાલીમાં પરિવર્તન લાવો, ઉત્સાહથી કાર્ય કરો,**
**તમારા ખંતપૂર્વક પ્રયાસોથી પરિણામો મળશે જ.**

**- C.A. Hirachand Damji Dand**
Manjal Reladiya
hirachanddand@gmail.com

# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંની સમૂહ પહેડી - નલિયા

**સવંત ૨૦૭૪ આષાઢ સુદ ૨ (બીજ) તા. ૧૪-૭-૨૦૧૮**

## કાર્યક્રમની રૂપરેખા

### તા. ૧૩-૭-૨૦૧૮ શુક્રવાર

સવારે ૯.૦૦ કલાકે નીમાલ

બપોરે ૧૧.૩૦ કલાકે સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય જમણ અને ૧૨.૩૯ વિજય મુહુર્તે **શ્રી કેવલભાઈ સાવલાના** સથવારે શ્રી સિધ્ધચક્ર અધિષ્ઠાયિકા શાસન ગચ્છ સામ્રજ્ઞિ શ્રી ચક્રેશ્વરી માતાજી સહીત સિધ્ધચક્ર શ્રી સિધ્ધચક્ર મહાપૂજન **શ્રી માણેકજી કાનજી નાગડા પરિવાર (પટેલ)** - હુબલી - નલિયા તરફથી.

રાત્રે ૮.૩૦ કલાકે રાત્રી માતાજીની ભાવના આરતી.

### તા. ૧૪-૭-૨૦૧૮ શનિવાર

સવારે ૯.૦૦ કલાકે ધ્વજારોહણ બાદ માતાજીની પહેડી - પ્રસાદ • બપોરે ૧૧.૩૦ પહેડી પ્રસંગનું જમણ

**આ પહેડી પ્રસંગમાં નિયાણી બહેનોને પણ સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

જે કોઈ ભાવિકો પહેડીમાં આવવાના હોય એ ભાવિકો પોતાના નામો સમિતિના ભાઈઓ પાસે લખાવી દેવા જેથી વ્યવસ્થા થઇ શકે.

મહેશ શામજી નાગડા - 09428684327

મહેશ ખીમજી નાગડા - 09726686851

જુગલ માણેકજી નાગડા - 09978002772

શ્રેણિક તેજપાળ નાગડા - 09426731684

ચેતન લહેરચંદ નાગડા - 09820105078

---

॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર સાંયરા

**મુંબઈ મધે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીનું ભાવભર્યું આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી મુંબઈ મધે સંવત ૨૦૭૪ને જેઠ સુદ ૬ને **રવિવાર, તા. ૨૦-૦૫-૨૦૧૮ના રોજ શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીનું** આયોજન કરવામાં આવેલ છે.

**લાભાર્થી દાતા પરિવાર**

**શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા** (બારોઈ-નાસિક) **પરિવાર**

અને

**શ્રી કુંવરજી વેરશી મોમાયા** (બારોઈ-જલગામ) **પરિવાર**

સંગીતકાર :
**ભક્તિ આસાની અને સાથી કલાકારો**

| શુભ સ્થળ | -: સમય :- | -: તારીખ :- |
|---|---|---|
| શ્રી કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ) | સવારના ૯.૦૦ કલાકેથી | ૨૦-૫-૨૦૧૮ |

સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા, બારોઇ, મોટી સિંધોડી, સુથરી, વારાપધર તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો / દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે. **નોંધ :** પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી.

**સંપર્ક**

શ્રી હીરાચંદભાઈ મોમાયા - 098703 36826

શ્રી દિનેશભાઈ મોમાયા - 098206 78051

શ્રી ભદ્રેશભાઈ મોમાયા - 098331 31359

શ્રી પ્રવિણભાઈ મોમાયા - 094250 89966

શ્રી શ્રેણીકભાઈ મોમાયા - 093237 85320

લી. **ભોઈમા જયાબાઈ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

# હાર્દિક અભિનંદન

## સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

સેક્રેટરી જનરલ : **શ્રી નિશીથભાઈ આણંદજી દંડ** (તેરા-બરોડા)

મેનેજીંગ ટ્રસ્ટી

મુંબઈ વિભાગ : **શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયા** (આરીખાણા – મુલુંડ),

મહારાષ્ટ્ર વિભાગ : **શ્રી તિલોકચંદભાઈ નરશી દંડ** (વરાડીયા – મલકાપુર),

દક્ષિણ ભારત વિભાગ : **શ્રી કિર્તીભાઈ ધનજી ધરમશી** (સુથરી – બેંગલોર),

ટ્રસ્ટી મુંબઈ વિભાગ : **શ્રી રાજેશભાઈ રાયચંદ છેડા** (વારાપધર – મુલુંડ)

ની નિમણુંક કરવામાં આવી છે.

## સર્વેને ખૂબ ખૂબ અભિનંદન....

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

---

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

આયોજીત

# ૭૯મો સમૂહ લગ્ન મહોત્સવ

**(મુંબઈ મુકામે)**

**પોષ વદ ૭ રવિવાર, તા. ૨૭-૦૧-૨૦૧૯**

## લગ્નમાં જોડાવવા ઈચ્છુકે

**તા. ૧૫-૧૨-૨૦૧૮ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.**

**કાર્યાલય સમય :**
**સોમવાર થી શનિવાર**
**બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી**

---

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯ • ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯
ઈમેલ : anantnathtrust@gmail.com

# એડવોકેટ જોઈએ છે

Part Time / Full Time **ADVOCATE** minimum 5/7 years experience for attending court matters, deal with BMC, MHADA, various departments / concerned authorities etc. Knowledge of Gujarati language is must.

સ્વ-હસ્તલિખિત અરજી (અપેક્ષિત પગાર સહિત) બાયોડેટા સાથે ઉપરોક્ત સરનામે અથવા ઇ-મેઈલ થી **anantnathtrust@gmail.com** પર મોકલવી.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

## શ્રી સંઘ સ્થાપના સુવર્ણ વર્ષ



## શ્રી વર્ષીતપ સમુહ ઈક્ષુરસ પારણોત્સવ પ્રસંગે

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના શુભેચ્છક દાતા પરિવારોની અંતરથી અનુમોદના

**૧) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ**
**૨) માતુશ્રી તારાબેન માણેકજી મોતા હ. નિશાબેન હિતેશભાઈ મોતા** (રાપરગઢવારી-નેપીયન્સી રોડ)
**૩) શ્રી રાયચંદ હંસરાજ ધરમશી** (સુથરી - વરલી)
**૪) અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ હ. દેવાંશ સમીર શામજી દંડ** (સાંધવ - મુલુંડ)
**૫) માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા** (લાખણીયા - વડાલા)
**૬) માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા** (વારાપધર - વાપી), **કુ. ચાંદની ધીરેનના વરસીતપ નિમિત્તે**
**૭) માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા** (સાંયરા - પુના)

## સર્વે તપસ્વીઓને પ્રભાવના પુષ્પ અર્પણ કરનાર ક.દ.ઓ. પરિવારોની નામાવલી

**૧ આની = રૂા. ૨૦૦૦/-**

**૫૦ શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા** - તેરા
**૧૧ માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા** - વરાડીયા
**૫ શ્રી અમીત શાંતિલાલ કુંવરજી મોમાયા** - વરાડીયા
**૫ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ** - ભાંડુપ
**૨ ભાનુબેન જનક મોતા** - સુથરી
**૨ દેવીકા વૈદ્ય મોતા** - સુથરી
**૧૩ માતુશ્રી ભમલબેન પદમશી પીર** - સુથરી
**૧૦ માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી** - કોઠારા
**૫ શ્રીમતી લક્ષ્મીબેન શરદ દંડ** - બાયઠ
**૩ માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા** - કોઠારા
**૨ ચેતનાબેન કાંતિલાલ ધરમશી** - બીજાપુર

**દરેકની ૧ આની**

વિજયા ભરત લોડાયા, વરાડીયા
સુચીતા ઉદય મોમાયા, વરાડીયા
માતુશ્રી જયાબેન ચીમનલાલ મોમાયા, વરાડીયા
મીત રોબીન દંડ, વરાડીયા
માતુશ્રી વનીતાબેન હીરાચંદ ડાઘા, વરાડીયા
વિજયાબેન હરીશ ધનજી ડાઘા, વરાડીયા
કાંતીલાલ વીસનજી ધરમશી, બીજાપુર
કુણાલ ચેતના ધરમશી, બીજાપુર
કમલાબેન કાંતિલાલ ધરમશી, બીજાપુર
માતુશ્રી જવેરબેન કાંતિલાલ ધરમશી, બીજાપુર
માતુશ્રી દમયંતીબેન ગોવિંદજી ધરમશી, સાંયરા
રાજુલ ભદ્રેશભાઈ પટેલ, સાંયરા
ભદ્રેશ મુલજી પટેલ, સાંયરા
સોનુબેન મુલજી પટેલ, સાંયરા
ભુપેન્દ્ર મુલજી પટેલ, સાંયરા
પલ્લવી ભદ્રેશ પટેલ, સાંયરા
માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ, સાંધવ
મીનાબેન મણીલાલ ખોના, સાંધવ
મનીષા ભાવેશ દંડ, સાંધવ
દિપા મનોજ ધરમશી, સાંધવ
મનોજ પ્રેમચંદ ધરમશી, સાંધવ
લહેરચંદ શીવજી નાગડા, નલીયા
માતુશ્રી રમીલાબેન જયચંદ નાગડા, નલીયા
માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા, વારાપધર
માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા, બાંઢીયા
પ્રફુલ્લ ઉમરશી મોતા, સુથરી
જયશ્રી પ્રફુલ મોતા, સુથરી
રૂચી વીરચંદ લોડાયા, સુથરી
તિલકબેન વીશનજી લોડાયા, સુથરી
માતુશ્રી હેમલતાબેન પ્રતાપ લોડાયા, સુથરી
અ.સૌ. ભારતી ડોલર શાહ, સુથરી
અ.સૌ. સ્નેહા અશોક મોતા, સુથરી
માતુશ્રી માલતીબેન સોમચંદ લોડાયા, સુથરી
માતુશ્રી ધનબાઈ રાયચંદ કારાણી, સુથરી
ગીતાબેન નવીનચંદ્ર લોડાયા, ખાવડીમોટી
જતીન નવીનચંદ્ર લોડાયા, ખાવડીમોટી
પ્રિયદર્શની જતીન લોડાયા, ખાવડીમોટી
અમીત નવીનચંદ્ર લોડાયા, ખાવડીમોટી
આરતી અમીત લોડાયા, ખાવડીમોટી
વિક્રમ -મધુરીબેન કાંતીલાલ મોતા, તેરા
પદમશી ચત્રભુજ સાયલા, તેરા
દક્ષાબેન લક્ષ્મીચંદ લોડાયા, તેરા
માતુશ્રી માનબાઈ દામજી મૈશેરી, લાલા
કલ્પના બંકીમચંદ્ર લાલકા, લાલા
ચેતના જવેરચંદ પોલડીયા, ડુમરા
ઝવેરચંદ કાનજી પોલડીયા, ડુમરા
હંસા ધનકુમાર દંડ, ભરૂડીયા
માતુશ્રી પુષ્પાબેન રાયચંદ ખોના
લહેરચંદ હીરાચંદ ખોના
માતુશ્રી જવેરબેન કુંવરજી મોતા, રાપરગઢ
સોમચંદ લખમશી ધરમશી, રાપરગઢ
માતુશ્રી વેલબાઇ લઘુભાઈ લોડાયા, રાપરગઢ
પુનશી લઘુભાઈ લોડાયા, રાપરગઢ
ધનવંતીબેન પુનશી લોડાયા, રાપરગઢ
રાજેશ પુનશી લોડાયા, રાપરગઢ
હીતેશ પુનશી લોડાયા, રાપરગઢ
ઝવેરચંદ હરશી લોડાયા, રાપરગઢ
તરૂણા ઝવેરચંદ લોડાયા, રાપરગઢ
મિતેશ ઝવેરચંદ લોડાયા, રાપરગઢ
ડીમ્પલ મીતેશ લોડાયા, રાપરગઢ
રેવાંશ મીતેષ લોડાયા, રાપરગઢ
વિજયાબેન કુંવરજી લોડાયા, રાપરગઢ
તરલાબેન મણીકાંત ધુલ્લા, જખૌ
શ્રીમતી વિરાજ મયુર ધુલ્લા, જખૌ
હસમુખ લક્ષ્મીચંદ ધરમશી, જખૌ
ગુણવંતી લક્ષ્મીચંદ મૈશેરી, જખૌ
લતા હરીશ મૈશેરી, જખૌ
તરલા હરીશ લોડાયા, દલતુંગી
માતુશ્રી કાંતાબેન વેરશી લોડાયા, દલતુંગી
હેમંત ગુલાબચંદ મોમાયા
વીર ભગીની મંડળ
ચીમનલાલ રામજી કુરૂવા, ગોધરા
ઉષાબેન મધુસુદન ધુલ્લા, રંગપુર

**લી. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ**

॥ ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાની જય હો.... વિજય હો....॥

॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ, પારોલા

આયોજિત

ફોર્મ નં.

## ચાતુર્માસ પર્વોત્સવ

પ્રથમ રાઉન્ડ
**૫૫ દિવસીય આરાધના**

પ્રેરક પાવન નિશ્રા :

**પ.પૂ. સાધ્વીશ્રી સયંમગુણાશ્રીજી મ.સા.આ.ઠા**

**સ્થળ : શ્રી શાંતિનાથ પ્રાસાદ, રથ ગલ્લી, પારોલા જિ. જલગામ**

| ....પ્રારંભ.... | ચાતુર્માસ આરાધના પ્રવેશપત્ર | ....પૂર્ણાહૂતિ.... |
|---|---|---|
| આષાઢ સુદ ૧૪, બુધવાર<br>તા. ૨૫-૭-૨૦૧૮ | | ભાદરવા સુદ ૭, શનિવાર<br>તા. ૧૫-૯-૨૦૧૮ |

આરાધકનું નામ : ____________________

વતનમા ગામ ________ હાલનું ગામ ________ વય ________

સરનામું ____________________

____________________

____________________

ફોન/મોબાઈલ નં. ઘર : ________ ઓફિસ : ________

ધાર્મિક અભ્યાસ : ________ વ્યવહારિક અભ્યાસ : ________

____________________

શત્રુંજય ચાતુર્માસ કર્યુ છે? હા / ના    શત્રુંજય ૯૯ યાત્રા કરી છે? હા / ના

તમને નીચેની પ્રવ્રત્તિઓ જેમાં વધારે રસ હોય તેની સામે ✓ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રવચન | જાપ | મૌન | પ્રતિક્રમણ | સામયિક | તપશ્ચર્યા |
| કાઉસ્સગ્ગ | આંગી | ભાવના | ગાથા કંઠસ્થ | વૈયાવચ્ચ | |

મને પરોલા તીર્થમાં શાંતિનાથ પરમાત્માની છત્રછયામાં આરાધના અનુષ્ઠાનમાં જોડાવાની ખૂબ ભાવના છે. અવસર પ્રદાન કરશો. શ્રી સંઘની વ્યવસ્થા પ્રમાણે રહીશ અને સંઘના નીતિ નિયમોનું પાલન કરીશ.

સ્થળ : ____________

તારીખ : ____________    **આરાધકની સહી**

॥ પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાનો સદા જય હો.... વિજય હો....જયજયકાર હો ॥

॥ ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાની જય હો.... વિજય હો....॥

## * સૂચનાઓ *

★ આત્માની શુદ્ધતા, જીવનની ગુણવત્તા, શાસન અને ધર્મની શ્રધ્ધેયતા વધારવા આ ચાતુર્માસની સમુહ આરાધનાનો લાભ લેવા આમંત્રણ છે.

★ ૫૫ દિવસીય અનુષ્ઠાનમાં દરરોજ એકાસણું કરવાનું રહેશે. યથાશક્તિ તપસ્યાઓ અનુમોદનીય છે.

★ બન્ને ટાઇમ પ્રતિક્રમણ, બે ટાઇમ પ્રવચન, પૂજા, જાપ સામાયિક વગેરે અવશ્ય કરવાના રહેંશે.

★ સંસારી સ્વજનો સાથેનો સંપર્ક આરાધનામાં ખલેલરૂપ છે એટલે ફોન-મોબાઇલ વગેરેનો સંપર્ક શક્યતઃ ઓછો રાખવો.

★ ચાતુર્માસમાં જરૂરી પહેરવાના કપડાં, પૂજા-સામાયિકના વસ્ત્રો, કટાસણું-ચરવલો, મુહપત્તિ, નવકારવાળી, પાંચ પ્રતિક્રમણની ચોપડી, બટવો, સાપડો ઇત્યાદિ સાથે લાવવા. કપડા સૂકવવા દોરી, નેપકીન, સાબુ-તેલ, જરૂરી દવાઓ વગેરે ઘરેથી લાવવા.

★ રોજ ૨૦ માળાનો જાપ ।। ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ।। કરવાનો રહેશે. આ ઉપરાંત અવસરે વિવિધ તપ-જાપ અનુષ્ઠાનો અને ધાર્મિક-સંસ્કારી જ્ઞાન-મનોરંજનની પ્રવૃત્તિઓ રહેશે. જેમાં ઉત્સાહે ભાગ લેવાનું રહેશે.

★ વિવિધ આરાધના અનુષ્ઠાનોની જાહેરાત સમયે સમયે આપવામાં આવશે.

★ આપના સુચન આવકાર્ય છે.

આવો, આધ્યાત્મિક, ધાર્મિક આરાધના કરી આ ચાતુર્માસને ઐતિહાસિક બનાવીએ.....

### આરાધક પ્રવેશપત્ર ભરીને ટપાલ/કુરિયરથી મોકલવાના સ્થળ

| પારોલા | સંપર્ક |
|---|---|
| શ્રી શાંતિનાથજી જૈન દેરાસરજી<br>રથ ગલ્લી, પારોલા- ૪૨૫ ૧૧૧<br>જી. જલગામ<br>ફોન (૦૨૫૯૭) ૨૯૨૪૪૯<br>મોબા. ૯૪૨૧૬૩૫૨૪૯ (દિલીપભાઇ) | ધનપતી કુવરજી મોમાયા, જલગામ મો. ૯૪૨૩૧૮૫૭૧૬<br>ગોવિંદજી નેણસી સોની, ધુલીયા મો. ૯૯૨૩૪૬૭૬૪૦<br>પિયુષભાઇ ચંદુલાલ ડાઘા, નાસિક મો. ૯૪૨૩૯૭૪૦૩૪<br>મુકેશભાઇ દામજી મૈશેરી, મુલુંડ મો. ૯૮૨૦૪૨૨૨૯૧<br>રાજેશ છેડા, મસ્જીદબંદર મો. ૯૮૨૦૨૨૬૮૭૩<br>કમલેશભાઇ સિયાડ, ડોંબિવલી મો. ૮૬૫૨૬૪૧૫૮૮ |

## ક.દ.ઓ. જૈન શ્રીસંઘ પારોલા ચાતુર્માસ સમિતી

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ
## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ આયોજીત
## જ્ઞાતિની બહેનો માટે તાલિમ વર્ગો







વેકેશન શરૂ થતાં જ બહેનો ને થોડી હળવાશની પળો મળે તેમાં પણ જો વિવિધ વાનગીઓ શીખવાનું, વિવિધ જીવન જરૂરી વસ્તુઓ બનાવવાનું, પ્રોફેશનલ વ્યક્તિ પાસેથી જાણકારી મળી જાય તો કેવુ સારૂ !

હાશ ! એટલે જ ક. દ. ઓ. મહિલા ગૃહ ઉદ્યોગના નેજા હેઠળ બહેનો માટે શરૂ કરીએ છીએ ખાસ તાલીમ વર્ગો. તો જોડાવાનું રખે ચૂકતાં, ત્વરીત ગતિએ આપના નામની નોંધણી આજે જ કરાવો...

| ક્રમ | તાલીમ વર્ગોનો રસથાળ | તારીખ | સમય | ફી |
|---|---|---|---|---|
| ૧. | **વિષય : ગ્લિસરીન શોપ- સાબુ**<br>શ્રી નિરલ ગૌરવ મોતા અને શ્રીમતી શ્વેતા ફેનીલ મૈશેરી | મંગળવાર<br>૧૫/૫/૨૦૧૮ | બપોરે ૨ થી સાંજે ૫ | ૧૫૦/- |
| ૨. | **વિષય : વૅક્સ કૅન્ડલ ઍન્ડ પરફ્યુમ**<br>શ્રી રમેશ શિવજી મૈશેરી | બુધવાર<br>૧૬/૫/૨૦૧૮ | બપોરે ૨ થી સાંજે ૫ | ૧૫૦/- |
| ૩ | **વિષય : હેઅર કલર ઍન્ડ હાઈ લાઈટ**<br>શ્રીમતી અર્ચના વિજય લોડાયા | ગુરૂવાર<br>૧૭/૫/૨૦૧૮ | બપોરે ૨ થી સાંજે ૫ | ૧૫૦/- |
| ૪ | **વિષય : હેલ્થી ડ્રિંક્સ**<br>ડેમો : શ્રીમતી કલ્પના ધરમશી<br>શરબત, સ્ક્વૅશેસ, ફ્રેશ ફ્લૉવર ડ્રીંક્સ, એનર્જી બુસ્ટર, વેટ લૉસ, હેઅર ઍન્ડ સ્કીન કેઅર ડ્રીંક્સ, ટૅગ પાઉડર ઘરે બનાવા માટેની વિધી, હર પ્રકારની ડ્રીંક હેલ્થી અને હાઈજેનીક વિધાઉટ કલર, એસેન્સ અને પ્રીઝરવેટીવ. | શુક્રવાર<br>૧૮/૫/૨૦૧૮ | બપોરે ૨ થી સાંજે ૫ | ૧૫૦/- |
| ૫ | **વિષય : ચાટ આઈટમસ**<br>ડેમો : શ્રીમતી જસ્મીન મોમાયા<br>મુંબઈ સ્ટ્રીટ સ્ટાઈલ તવા પુલાવ<br>સાઉથ સ્પેશલ કોકોનટ રાઈસ, લેમન રાઈસ, ઈમલી રાઈસ, મેક્સીકન રાઈસ, રસ્સમ, તવા ઈડલી, સ્પીનેચ ચીઝ બૉલ, ઈન્સંટ દહી વડા, બ્રેડ રોલ | શનિવાર<br>૧૯/૫/૨૦૧૮ | બપોરે ૨ થી સાંજે ૫ | ૧૫૦/- |

● Soap Kit available in ₹ 300 (Actual Cost ₹600) ● Candle Kit available ₹400 (Actual Cost ₹800)

## તાલીમ વર્ગ સ્થળ

વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપૂંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**શ્રી કલ્પેશ માણેકજી મોતા - ક.દ.ઓ. મહાજન પ્રમુખ**

**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ**

**શ્રી લેરીન વર્ધમાન ખોના - મૅનેજીંગ ટ્રસ્ટી | શ્રી અજીત માલસી લોડાયા -માનદ્‌મંત્રી | શ્રી હિતેશ ભોજરાજ નાગડા - ખજાનચી**

**વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક** | રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૨-૫-૨૦૧૮

શ્રીમતી દક્ષા લાજેશ મોતા ૭૨૦૮૪૦૮૫૦૮ | શ્રીમતી મનિષા મિતેશ લાલકા ૯૮૨૦૫૪૫૭૩૪ | શ્રીમતી જીજ્ઞા વિજય છેડા ૯૩૨૨૧૦૮૭૬૮

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનની એક સભા ૨૨-૪-૨૦૧૮ને રવિવારે બપોરે ૨.૩૦ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ મધ્યે એકત્ર મળેલ. જેમાં કુલ ૧૮ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. ત્રણે મેનેજીંગ ટ્રસ્ટીઓની મુદત પૂરી થઈ ગઈ હોવાથી સભાએ માજી સેક્રેટરી જનરલ શ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ ખોનાને સર્વાનુમતે સભાનું પ્રમુખસ્થાન સોંપ્યું હતું. પરમાત્માના નામ સ્મરણ સાથે સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

કાર્યસૂચિ પરની બાબત ૧લી માં ગત સભાની મિનિટસનું વાંચન કરવામાં આવ્યું હતું જે સુધારાઓ સાથે મંજૂર રહ્યા બાદ પ્રમુખશ્રીએ સર્વાનુમતે માન્ય રહ્યાની સહી કરી હતી.

બાબત ૨જીમાં મુંબઈ વિભાગના ટ્રસ્ટી તરીકે શ્રી રાજેશભાઇ રાયચંદ છેડા બહુમતે ચૂંટાઇ આવ્યા હતા. ત્યારબાદ ૩જી બાબત હાથ ધરવામાં આવતા પ્રમુખશ્રીએ સભાનું ધ્યાન દોર્યું હતું કે હવે આપણે સેક્રેટરી જનરલની નિમણુંક કરવા જઇ રહ્યા છીએ. આ નિમણુંક સર્વાનુમતે થાય તો સારું પરંતુ ચૂંટણી અનિર્વાય થતાં શ્રી નિશીથ આણંદીલાલ દંડને બહુમતે શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા.

કાર્યસૂચિની બાબત ૪થી હાથ ધરાતા મુંબઈ વિભાગમાંથી શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયા (આરીખાણા) મહારાષ્ટ્ર વિભાગમાંથી શ્રી તિલોકચંદભાઈ નરશી દંડ (વરાડીયા) મલકાપુર તથા દક્ષિણ વિભાગમાંથી શ્રી કિર્તિભાઈ ધનજી ધરમશી (સુથરી) બેંગલોર સર્વાનુમતે મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમાયા હતા. સભાના પ્રમુખશ્રીએ નવા વરાયેલા ટ્રસ્ટી તેમજ અધિકારીઓને શુભેચ્છાઓ આપી સ્થાન ગ્રહણ કરાવ્યું હતું. ત્યારબાદ શ્રી તિલોકચંદભાઈની વય તથા કાબેલિયતને લક્ષમાં રાખી તેમને પ્રથમ મેનેજીંગ ટ્રસ્ટી જાહેર કર્યા હતા. અનુક્રમે શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયા દ્વિતીય તથા શ્રી કિર્તિભાઈ ધનજી ધરમશી તૃતીય મેનેજીંગ ટ્રસ્ટી જાહેર થયા હતા.

આગામી સંમેલન બાબત વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. નવા પદાધિકારીઓ પોતાનો ચાર્જ સંભાળે ત્યારબાદ વહેલામાં વહેલી તકે ટ્રસ્ટ બોર્ડની આગામી સભા બોલાવાનું નક્કી થયું હતું. ત્યારબાદ અનંતનાથજી મહારાજની જય બોલાવી સભા બરખાસ્ત થઇ હતી.

### 'પરબ'નું અનાજ તથા મસાલા વિતરણ

આપણી જ્ઞાતિની અગ્રગણ્ય મહિલા સામાજિક સંસ્થા, પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા ગત માર્ચની ૨૧ તથા ૨૨ મી એ તેમના, છેલ્લા બે દાયકાથી લોકપ્રિય વાર્ષિક અનાજ તથા મસાલા વિતરણ પ્રકલ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લખ લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાય ફંડની પ્રેરણાથી, ઘાટકોપર પશ્ચિમના પરમકેશવ બાગ ખાતેના આ કાર્યક્રમમાં જ્ઞાતિની ગૃહઉદ્યોગ ચલાવતી મહિલાઓને વિનામૂલ્યે આપવામાં આવેલા ૩૧ સ્ટોલ હતા. બારે માસ ભરવા યોગ્ય મસાલા તથા ઘરની બનેલી અન્ય સામગ્રીનું આ સ્ટોલ્સ પર ઘણુંજ સારૂં વેચાણ થયું હતું.

આ વર્ષના આયોજનની એક મુખ્ય વિશેષતા એ હતી કે, અનાજ-દાળ-કઠોળ વિતરણ વિભાગની ખરીદી-વેચાણ-ડીલીવરીની સંપૂર્ણ વ્યવસ્થા સંસ્થાની બહેનો દ્વારા, તેમના સમય અને શક્તિના ઉત્સાહપૂર્વક યોગદાન સાથે કરવામાં આવી હતી. હોલસેલ દર અને ક્વાલિટીનું સ્તર આ બન્ને કારણોને લઇને પરબના આ પ્રોજેક્ટને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો.

પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ, તાજો અને મીઠો કેરીનો રસ અને મિનરલ વૉટર 'પ્રતાપ એક્સલેન્સી'ના


ચાલો કેરલા વેકેશન ટુર-૨૦૧૮
**દિવાળી બુકીંગ માટે જલદી કરો**
**૧૨ વર્ષ પછી ફ્લાવરીંગ મુનાર**
નીલાકુરીંજી પુષ્પો જે ૧૨ વર્ષમાં એકવાર જ ખીલે છે જેના અવર્ણનીય દર્શન અને પ્રકૃતિના ચમત્કારને નિહાળવાનો અવસર ઑગસ્ટ ૨૦૧૮થી ઓક્ટોબર ૨૦૧૮
હૉલીડે પ્લાનર : **મેહુલ ભુપેન મૈશેરી,** જ્યુ ટોન, કોચીન-૬૮૨૦૦૨, કેરલા. મોબાઈલ : 077360 25429, 81299 45429
ઈમેલ : info@holidayplannersonline.com
• કોચીન • મુનાર • ઠેકડી • કુમારકોમ • કોવલમ • એલપ્પી હાઉસબોટ • કન્યાકુમારી • ત્રિવેંદ્રમ



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

શ્રી મણિકાંતભાઈ ધુલ્લા તરફથી આપવામાં આવ્યા.

**ચાતુર્માસ મલ્યાના મંગલ વધામણાં**
**પારોલા નગરે આવ્યા અવસર સોહામણાં**

દિવ્યકૃપા : શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. આજ્ઞા-આશિષ : પરમાં વર્ષીતપના આરાધક, ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., મંગલઆશિષ : સાહિત્ય દિવાકર પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સરલસ્વભાવી પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિચાર્ય પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., આગમાભ્યાસી પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., દીર્ઘસંયમી, શાંતમૂર્તિ પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા શાસન પ્રભાવિકા પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું ચાતુર્માસ પારોલા તીર્થે અમારા શ્રી સંઘને પ્રાપ્ત થયેલ છે.

અમારા શ્રી સંઘને ચાતુર્માસની આજ્ઞા આપનાર તપસ્વીરત્ન પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પોતાના ઠાણાઓને અનુમતિ આપનાર વ્યવહારકુશલ પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.નો શ્રી સંઘ ઋણી રહેશે.

**શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)**

૧-૪-૨૦૧૮ના શ્રી સંઘના ત્રિ-વાર્ષિક ચુનાવ શ્રી કુંથુનાથ મંદિર પરિસરમાં આયોજીત થયેલ. નવકારમંત્ર પઠન અને દ્વિપ પ્રજ્વલન બાદ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. ચુનાવ અધિકારી માટે શ્રી ભવાનજી હિરજી શાહની નિમણુંક કરવામાં આવેલ.

શ્રી સંઘના પ્રમુખ પદ માટે શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાને સર્વાનુમતે ચુંટવામાં આવેલ. તેમનું સન્માન કરવામાં આવ્યું તેમણે સર્વેનો આભાર માનેલ અને સૌના સહયોગની અભિલાષા વ્યક્ત કરી.

**શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ - રાયપુર**

૧-૪-૨૦૧૮ના શ્રી સંઘના ત્રિવાર્ષિક ચુનાવ (૦૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૨૧ સુધી) શ્રી કુંથુનાથ મંદિર પરિસર ખાતે યોજવામાં આવેલ. નવકાર મંત્ર પઠન અને દિપ પ્રજ્વલન બાદ ચુનાવ બાબત કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. સર્વ પ્રથમ ચુનાવ અધિકારી માટે શ્રી નવિન ઉમરશી શાહનું નામ સર્વસમ્મતિ થી નિયુક્ત કરવામાં આવેલ.

શ્રી સંઘના પ્રમુખ પદ માટે સર્વાનુમતે શ્રી હરીશ જવેરચંદ લોડાયા ને ચુંટવામાં આવેલ. તેમનું સન્માન કરવામાં આવેલ. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં સર્વેનો આભાર માનેલ અને સર્વેનો સાથ-સહયોગ મળતો રહેશે એવી અભિલાષા વ્યક્ત કરેલ. નવા પ્રમુખશ્રી એ માનદ સચિવ માટે ચંદ્રેશ વીરચંદ છેડાની નિયુક્તી કરેલ અને બાકી પદાધિકારી અને કાર્યકારી સભ્યોની સૂચિ જલ્દી તૈયાર કરવાની ઇચ્છા બતાવી.

**શ્રી કુથુંનાથ મહિલા મંડલ, રાયપુર**

૭-૪-૨૦૧૮ના કુંથુનાથ મહિલા મંડલ દ્વારા કુથુંનાથ જિનાલયમાં સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ. ૧૪-૪-૨૦૧૮ના પ્રભુ કુથુંનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે પાર્શ્વ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી. પૂજામાં મંડલની બહેનો તથા સમાજના સભ્યોની સારી હાજરી રહેલ.

સ્વામી વાત્સલ્યના લાભાર્થી પરિવાર શ્રીમતી મંજુલાબેન કુલિનકાંત જીવાણી હતા. પૂજામાં અને સ્વામી વાત્સલ્યમાં ક.દ.ઓ. સમાજના સભ્યોએ સારી હાજરી આપેલ. સૌને હાઉસી ગેમ રમાડવામાં આવી. લક્કી ડ્રૉ પણ રાખેલ.

**શ્રી જખૌ રત્નટુક જૈન દેરાસર**

૧૩-૪-૨૦૧૮ના નાગડા જગદિશચંદ્ર ભાનુચંદ્ર ગોરજી તરફથી શ્રી મહાકાળી માતાજીની ભાવના રાખેલ. ગામવાસીઓએ ભાવપૂર્વક ભક્તિભાવનામાં જોડાઇ રમઝટ જમાવી હતી. પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

૧૭-૪-૨૦૧૮ના રોજ શ્રીમતી માલતીબેન રાજેન્દ્ર રાજેન્દ્ર દંડ, લાલાવાળાના વર્ષીતપ પારણા નીમીત્તે આદેશ્વર દાદાની પંચકલ્યાણી પૂજા રાખેલ રાત્રે મહાકાળી માતાજીની ભાવના રાખેલ સર્વે ભાઈ બહેનોએ ભક્તિ ભાવનામાં જોડાઇ રમઝટ જમાવી હતી. પ્રસાદ લઈ અને છુટા પડેલ હતા.

**અમરાવતી સમાચાર**

શ્રી શ્વેતાંબર જૈન બડા મંદીરમાં ખરતરગચ્છ તથા અચલગચ્છ આરાધના કરે છે. ગતવર્ષે ચોમાસા દરમિયાન સ્થાનકવાસીની આઠ મહાસતીજી તથા દેરાવાસીની ત્રણ


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
**યુ. કે. ખીમજી એન્ડ કું.** હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

મહાસતીજી મલી અગીયાર સાધ્વીઓનું ચોમાસું હતું.

અહીંયા સ્થાનકવાસી દેરાવાસીઓમાં અતૂટ એકતા છે જેથી દરેક કાર્યક્રમમાં ખભે ખભા બની શોભા આપે છે.

ચોમાસા દરમિયાન ૧૮ ગૌતમ પ્રસાદીઓ થઈ હતી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, દલતુંગી**

શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની ૧૧૫મી ધ્વજા મહોત્સવ ૨૦-૪-૨૦૧૮ના ઉજવાયેલ. ધ્વજાનો ચડાવો માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ પરિવારે રૂા. ૨૧,૦૦૦/-માં લીધેલ. વિધિકાર શ્રી કલ્પેશભાઈ શાહ, સંગીતકાર શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી સાથે પધારેલ. ગામવાસીઓ બહોળી સંખ્યામા હાજર રહી ઉજવણીમાં સહભાગી થયેલ. એક સદ્‌ગૃહસ્થ તરફથી લક્કી ડ્રો દ્વારા ઈનામ આપવામાં આવેલ. ૧૮ અભિષેક તથા ૧૭ ભેદી પૂજામાં સર્વ ગામવાસીભાઈ, બહેનોએ ઉત્સાહથી ભાગ લીધેલ. મંગલ દિવો તથા આરતીનો લાભ લઈ સૌ ગામવાસી ભાઈ-બહેનો છુટા થયેલ.

**જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટ. ફેડરેશન - યુવક યુવતી પરિચય સમ્મેલન (જૈનના દરેક ફિરકા માટે)**

બોમ્બે રીજીયન દ્વારા આયોજીત સૌ પ્રથમ ડેસ્ટીનેશન યુવક યુવતી પરિચય સમ્મેલનના મુખ્ય આકર્ષણો : સંપૂર્ણ એક દિવસની પીકનીક ૨૫૦ યુવતી, મીનીયમ એજ્યુકેશન ૧૨+૩, ફક્ત ૩૫ વર્ષથી નીચેની વય જુથના કુંવારા યુવક-યુવતી, એક વર્ષની ઓનલાઈન પ્રીમયમ મેમ્બરશીપ, ઉમેદવારે રજીસ્ટ્રેશન કરાવવા માટે વેબસાઈટ પરથી ફોર્મ ડોઉનલોડ કરવું. ફીઝીકલ ફોર્મ ભરવું ફરજીયાત, ૨૭-૫-૨૦૧૮ના રોયલ ગાર્ડન રીસોર્ટ. સંપર્ક જયંતીલાલ દેવશી મૈશેરી - 9819748250, વેબસાઈટ - www.jsgbombayregion.com.

**શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન કલીકટ**

પહેરવા લાયક કપડા સમાજમાંથી ભેગા કરી મહાજનના અધિકારીઓ ૮ બંડલ કપડા વ્યવસ્થિત રીતે જમાવી અત્રે કલીકટની મેન્ટલ હૉસ્પીટલમાં પહોંચાડી આવ્યા. મહાજનની સર્વસાધારણ સભા ૮-૪-૨૦૧૮ના શા. ઝવેરચંદ પાશ્વીર ખોનાના નિવાસ સ્થાને મળેલ. સર્વ સંમતિથી નીચે મુજબની નવી કમિટી ચુંટવામાં આવેલ. શ્રી હીરાચંદ રતનશી છેડા - પ્રમુખ, શ્રી દિપક વેલજી શાહ - ઉપપ્રમુખ, શ્રી વિકાસ અનીલભાઈ કુરૂવા - માનદમંત્રી, શ્રી મનીષ થોભણભાઈ લોડાયા - ઉપ માનદમંત્રી, શ્રી ભરત ઝવેરચંદભાઈ ખોના - ખજાનચી, શ્રી કીરીટ રાયશી દંડ - કમિટી મેમ્બર, શ્રી અમીત ચંદ્રકાંત ખોના - કમિટી મેમ્બર.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


**ભુલ સુધાર :** અંક નં. ૧૬માં પાના નં. ૪ પર છપાયેલ **શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર ટ્રસ્ટ**ની જાહેરાતમાં મુંબઈથી પ્રસ્થાન તા. ૫-૯-૧૮ને બદલે **તા. ૪-૯-૧૮** વાંચવું.

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામિ નમો નમઃ ॥

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ**

શ્રી કચ્છ પરજાઉ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહ પરિવાર શ્રી પર્યુષણ મહાપર્વ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**તા. ૦૫-૦૯-૨૦૧૮ થી ૧૫-૦૯-૨૦૧૮** સુધી સાધર્મિક ભક્તિ તથા રહેવાની વ્યવસ્થા પરજાઉ મહાજન તરફથી કરવામાં આવશે. આપ કઈ તારીખના પધારશો તેની જાણ કરશોજી.

નોંધ : (સાધર્મિક ભક્તિ, નવકારશી, ચોવિહારના દાતાશ્રી આવકાર્ય) ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી.

**લી. શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ વતી ગુલાબ ધનજી દંડ પ્રમુખશ્રી**

॥ જય જય શ્રી શાંતિનાથ દાદા ॥

**સાંધવ ગામવાસીઓ અને નિયાણી બહેનોને પર્વ પર્યુષણની આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ**

શ્રી શાંતિનાથ દાદાની શીતળ છાયામાં માદરે વતનની ભુમિ પર પર્યુષણ પર્વની આરાધના કરવા

**મુંબઈ થી પ્રયાણ**

તા. ૦૪-૦૯-૨૦૧૮ને મંગળવારના ટ્રેન દ્વારા

**સાંધવ થી મુંબઈ**

તા. ૧૫-૦૯-૨૦૧૮ને શનિવાર

**પર્યુષણ પર્વ પ્રારંભ : તા. ૦૬-૦૯-૨૦૧૮**

જે ભાગ્યશાળીને આરાધના કરવાની ઈચ્છા હોય તેમણે રૂા. ૫૦૦/- ડિપોઝિટ સાથે નીચે મુજબ સંપર્ક કરવો.

| | |
|---|---|
| શ્રી વિરચંદ ખોના | - 98709 89005 |
| શ્રી ગોવિંદજી પટેલ | - 98205 40949 |
| શ્રી રાજેશ દંડ | - 99300 07826 |
| શ્રી પરેશ દંડ | - 98193 59401 |

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**

પ્રમુખશ્રી શામજી નરશી દંડ

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૨-૧૮ | મુલુંડ | અજય ગુલાબચંદ વેરશી પોલડીયા | બાયઠ | ૩૨ |
| | મુલુંડ | તૃષા હર્ષદ શનીલાલ દંડ | સુથરી | ૩૧ |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૨-૧૭ | સાંયરા | સતીશ પ્રેમજી વેલજી સાવલા | નાગલપુર | ૩૪ |
| | ભાંડુપ | મેહુલા કિશોર જીવરાજ મૈશેરી | રાપર ગઢવારી | ૩૦ |
| ૦૮-૦૩-૧૮ | લખનૌ | રવિ રમાકાન્ત તિવારી | લખનૌ | ૩૩ |
| | ચાલીસગામ | નેહા લલિત ગોવિંદજી મોમાયા | સાંયરા | ૩૩ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૪-૧૮ | સૂરત | ધનબાઈ ઉમરશી રામૈયા ધરમશી | સુથરી | ૮૯ |
| ૧૧-૦૪-૧૮ | ભાંડુપ | ગં. લીલબાઈ વાલજી માવજી લોડાયા | કોઠારા | - |
| ૧૪-૦૪-૧૮ | વસઈ | શાંતીલાલ ઠાકરશી મણીલાલ લાલકા | બાંઢીયા | ૭૯ |
| ૧૬-૦૪-૧૮ | વડોદરા | ચંપાબેન પદમશી દેવશી છેડા | સુથરી | ૮૦ |
| ૨૨-૦૪-૧૮ | માટુંગા | ચંદ્રિકા મણીલાલ જેતસી દંડ | ભરૂડીયા | ૬૪ |
| ૨૩-૦૪-૧૮ | ડોમ્બીવલી | દિનેશ (મંગલ) કુંવરજી મોતા | નલિયા | ૭૧ |


LALA લાલા ગામના શેઠીયાણીમાં
**માતુશ્રી મણીબાઈ હીરજી ખીંચરાજ દંડ પરિવારની ભૂરી ભૂરી અનુમોદના**

અચલગચ્છાધિપતી તપચક્રવર્તિ **પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આશિર્વાદ, સાહિત્યરત્ન **પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન **પૂ. મૂનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.**ની પ્રેરણા તથા **અ.સૌ. લતાબેન સુર્યકાંત દંડની** સ્મૃતિ રૂપે લાલા ગામની ધ્વજાના મુખ્ય દાતા પરિવાર **માતુશ્રી મણીબાઈ હીરજી દંડ**ના સુપુત્ર નગરશેઠ **શ્રી સુર્યકાંત હીરજી દંડ પરિવાર** તરફથી રૂા. ૧૦૦૦૦૦/- એક લાખ કાયમી ફંડ ધ્વજા પ્રસંગે સ્વામિ વાત્સલ્ય ફંડમાં (વ્યાજમાંથી સ્વામિવાત્સલ્ય) ભેટ મળેલ છે તથા ૧૦૮ ઉપવાસ આરાધક તપસ્વી **કુ. ધનલક્ષ્મીબેન (બાંચાબાઈ/ધર્મિષ્ઠા) હીરજી દંડ**ની સ્મૃતિ નિમિત્તે સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતે રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ કાયમી વૈયાવચ્ચ ફંડમાં ભેટમાં મળેલ છે. ઉપરોક્ત બન્ને રકમનો વ્યાજ વાર્ષિક ખર્ચ પેટે વાપરવામાં આવશે.

**લી. શ્રી લાલા ચંદ્રપ્રભુજી દેરાસર તથા મહાજન ટ્રસ્ટ લાલા**



93230 10992
SAMO GROUP - PARIWAR - MULUND
LALA

**વિસામો ગ્રુપ પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ-મુલુંડ દ્વારા**

**તા. ૧૩-૫-૨૦૧૮ રવિવાર**
**સમય : સવારે ૧૦ થી ૧ કલાકે**

દરેક જ્ઞાતિના લોકો રાહતદરે નોટબુક વિતરણનો વહેલો તે પહેલોના ધોરણે લાભ લઈ શકે છે.

૧/૪ કોલેજ બુક્સ - 144 Page....Rs. 300/- (૧ ડઝનના)
૧/૪ કોલેજ બુક્સ - 96 Page....Rs. 220/- (૧ ડઝનના)
લોન્ગ બુક્સ - 176 Page....Rs. 240/- (૧ ડઝનના)
લોન્ગ બુક્સ - 88 Page....Rs. 160/- (૧ ડઝનના)

**૨૦૧૮નું રિઝલ્ટ સાથે લાવવું. એસ.એસ.સી. વાળાએ હોલ ટિકિટ (ઓરિજીનલ) સાથે લાવવી જરૂરી રહેશે.**

PRATAP Excellency
insurancekhoj.com the ultimate stop for insurance
VIKAS CONSTRUCTIONS
Liberty BOOK MFG.CO.

**કાર્યાલય : એલ.ડી. માસ્ટર,** શૉપ નં. ૩, ઓમ સાઈનાથ સુરેન્દ્ર નિવાસ, આર.એચ.બી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : 9892450358

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૨-૧૮ | ઘાટકોપર | દેવાંશ, પાયલ મેહૂલ મૈશેરી | નલિયા | પુત્ર |
| ૧૩-૦૩-૧૮ | વિદ્યાવિહાર | ખ્યાંશ, ખુશ્બૂ પ્રતિક મુકેશ લોડાયા | સુથરી | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૪-૧૮ | ડોમ્બીવલી | અંકિત હીરાચંદ જીવરાજ મોતા | કુઆપધર | ૨૬ |
| | વાશી | ધ્વની ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડિયા | ૨૩ |
| ૧૮-૦૪-૧૮ | મુલુંડ | નંદન કિરીટ નારાણજી મૈશેરી | નાની સિંધોડી | ૨૮ |
| | વાશી | હર્ષિતા ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડિયા | ૨૭ |
| ૧૮-૦૪-૧૮ | ઉદયપુર | હિતેશ ચંદ્રેશ રામજી દંડ | સેવક ભરૂડિયા | ૨૮ |
| | ડોમ્બીવલી | હિરલ વિજય વિસનજી લોડાયા | મોટી ખાવડી | ૨૪ |
| ૨૨-૦૪-૧૮ | ડોમ્બીવલી | હિતેન પ્રવીણ રાયચંદ લોડાયા | દલતુંગી | ૨૬ |
| | ડોમ્બીવલી | ખુશ્બુ લહેરચંદ શિવજી ધરમશી | જસાપુર | ૨૬ |
| ૨૩-૦૪-૧૮ | બડગરા | દર્શન કાંતિલાલ નરશી દંડ | લાલા | ૨૮ |
| | બેંગલોર | દિવ્યા ડાયાલાલ જીવરાજ મોમાયા | મોટી સિંધોડી | ૨૭ |
| ૨૪-૦૪-૧૮ | ડોમ્બીવલી | કપિલ રમેશ ધનજી દંડ | વરાડિયા | ૩૫ |
| | ધુલિયા | એકતા દિલીપ લાલજી નાગડા | જખૌ | ૨૮ |

## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૪-૧૮ | અંબરનાથ | રાજેશ બાબુ પોત્રરાજુ અરીગા | વિજયવાડા | ૨૮ |
| | મુલુંડ | ફોરમ હરીશ માણેકજી દંડ | સેવક ભરૂડિયા | ૨૮ |
| ૧૮-૦૪-૧૮ | મુલુંડ | શ્રેયાંશ નિરેન મણીલાલ શાહ (ધુલ્લા) | સુથરી | ૨૭ |
| | કલ્યાણ | શ્રુતિ વિજય લક્ષ્મણપ્રસાદ ખંડેલવાલ | મથુરા | ૨૬ |
| ૧૮-૦૪-૧૮ | નવસારી | હાર્દિક પ્રદીપ કાંતિલાલ શાહ | ભુજ | ૨૫ |
| | થાણા | નિકિતા નરેશ ત્રિકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૨ |
| ૧૯-૦૪-૧૮ | ડોમ્બીવલી | ઋષભ હરેશ હીરાચંદ ડાઘા | વરાડિયા | ૩૧ |
| | કોપરખૈરાને | પ્રિયંકા નરેશ શંકરલાલ ચોરસિયા | નીમચ | ૩૦ |
| ૨૩-૦૪-૧૮ | વાશી | નિલેશ અશોક પોપટલાલ ગડા | દુર્ગાપુર | ૩૫ |
| | અંધેરી | બીનલ કેતન ડુંગરશી મોતા | તેરા | ૨૮ |
| ૨૪-૦૪-૧૮ | લંડન | દિનલ રમેશ શાહ | જામનગર | ૩૮ |
| | મુલુંડ | પૂર્વી હીરાચંદ નરશી દંડ | લાલા | ૩૮ |
| ૨૬-૦૪-૧૮ | બેંગલોર | પ્રતિક શાંતિકુમાર દયારામચંદજી જૈન | બાડમેર | ૨૫ |
| | સેલમ | ચૈતાલી મનોજ ચંદ્રકાંત મુનવર (જીવાણી) | જખૌ | ૨૫ |
| ૨૭-૦૪-૧૮ | મુલુંડ | માનવ ઉમેશ શામજી ગાલા | છસરા | ૨૬ |
| | મુલુંડ | ઉર્વી મુકેશ મુલજી લોડાયા | આરીખાણા | ૨૫ |

## જીવો જગતને કાજ
## શ્રીમતી કિર્તિદાબેન ભરત મેકાણી









**પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન...**

## અભિનંદન



### કુ. ક્રીના સંજય નાગડા
(ડોંબિવલી)

મુંબઈ કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી **કુ. ક્રીના સંજય નાગડા**ને (કચ્છ ગામ રાપર ગઢવારી) H.S.C.ની (બારમા ધોરણ) પરીક્ષામાં કન્યા છાત્રાલયમાં સહુથી વધુ માર્કસ મેળવવા બદલ **પૂજ્ય માતુશ્રી સ્વ. બાંચાબાઈ વેલજી ઉમરશી ધરમશી** (ગામ સુથરી)ની પૂણ્ય સ્મૃતિમાં આપવામાં આવતું પારિતોષિક આપવામાં આવ્યું છે.

**અભિનંદન...**

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫-૪-૧૯૪૪

અરિહંત શરણ :
તા. ૧૮-૦૪-૨૦૧૮

### સ્વ. ચિમનલાલ મુલજી લાપસીયા (દેસાઈ)
ગામ : સાંયરા-કચ્છ, હાલ : હુબલી, કર્ણાટકા

પરમ કૃપાળુ પરમાત્મા આપના
આત્માને ચીર શાંતિ અને ઉચ્ચગતિ
આપે એજ પ્રાર્થના.....

-: સ્મરણકર્તા :-

**દેવકાભાઈ મુલજી લાપસીયા (દેસાઈ) સમસ્ત પરિવાર**
**ધનબાઈ શીવજી નાગડા સમસ્ત પરિવાર**

**RAICHUR HARDWARE**
**CARE AGENCIES**
RAICHUR • HUBBALLI • MUSURU

## CONGRATULATION






***Prof. Lalit Laxmikant Momaya*** *has been awarded Degree of Doctor of Philosophy (Ph.D.) by* ***North Maharashtra University, Jalgaon,*** *in subject of political Science. The Tittle of his thesis is,* ***"Political Leadership and Contribution of Arunbhai Gujarathi"*** *selective study.*

*Well Wishers*

**Shah Visanji Ubhaya,**
**Momaya Pariwar**
*Saira - Dhule - Amalner*

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (30-04-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# TO REMINISCE

A LEGEND     A VISIONARY     AN INSPIRATION



**Shri Rajesh Kantilal Shah**

**03rd Jan 1959 - 28th April 2017**

## Some people leave memories behind some become legends.

On this day, we rededicate ourselves & pledge to carry forward his legacy based on his ideas and values.

**TIKI TAR GROUP OF COMPANIES**

TIKIDAN waterproofing solutions     TIKI TAR INDUSTRIES     TIKI TECH Communicating Creatively

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,